# ત્રણ વિશ્વાસુ માણસો જવાળાઓ વચ્ચેથી ચાલ્યા

**પ્રાર્થના :** પ્રિય પ્રભુ પેલા ત્રણ ધાર્મિકવૃતિ વાળા મનુષ્યોને રાજાએ અગ્નિ ભઠ્ઠીમાં નાંખ્યા ત્યારે તેમની પાસે જે વિશ્વાસ અને હિંમત હતા તેમ સતાવણીનો સામનો કરવા અમારા બાળકોને તૈયાર કરવા માટે સહાય કરો.

બાળકોની વય અને જરૂરત પ્રમાણે બાળકોને શિખવાતી પ્રવૃતિઓ **પસંદ કરો.**

દાનિયેલના ૩જા અધ્યાયમાંથી મોટો બાળક અથવા શિક્ષક વાંચીને અથવા મોઢેથી દાનિયેલની વાર્તા કહે મૂર્તિપૂજા કરવા કરતા અગ્નિથી મરવાનુ પસંદ કરનાર ત્રણ બહાદુર માણસોની આ વાર્તા છે.

આ પ્રશ્નો **પૂછો** (*દાનિયલ ના ૩ જા અધ્યાય માંથી દરેક પ્રશ્નનોના જવાબ આપ્યા છે.*)


- મૂર્તિની સામે લોકોને રાજાએ શી આજ્ઞા કરી ? (કલમ-૫)
- તેની મૂર્તિની ત્રણ માણસોએ પૂજા કરી નથી એવુ જાણ્યા પછી તેણે શું કર્યુ ?(કલમ-૧૩)
- ઈશ્વર જો તેઓને છોડાવશે નહીં તો શું તેઓ મરવાને રાજી હતા ? (કલમ-૧૮).
  (કલમ-૧૭)
- જે સૈનિકોએ તેમને અગ્નિમાં ફેંકયા હતા તેમનું શું થયું ?(ક-૨૨)
- રાજાએ અગ્નિમાં કેટલા માણસો જોયા ? (કલમ-૨૫)

ત્રણ બહાદુર અને વિશ્વાસુ માણસોની આ વાર્તા નુ દાનિયલના ૩ જા અધ્યાયમાંથી **નાટય રૂપાતંર કરો**

મંડળીના આગેવાન સાથે ભજનસેવામાં આ નાટકની રુજઆતની વ્યવસ્થા કરો. આ નાટક તૈયાર કરવામાં બાળકોને તમારો સમય ફાળવો તમારે બધાજ પાત્રો ઉપયોગમાં ન લેવા. મોટા બાળકો નાના બાળકોને તેમના પાત્રો ભજવવામાં મદદ રૂપ બને.

- મોટા બાળકો અથવા સભાસદો આ પાત્રો ભજવે.

ઉદ્‌ઘોષક વાર્તાનુ સંક્ષેપીકરણ કરી બાળકોએ શું કહેવું અને શું કરવું તેમાં મદદ કરે.



**નબુખાદનેસ્સાર રાજા :** મૂર્તિ પકડે ,મુખ્ય અધિકારી,

- નાના બાળકો આ પાત્રો ભજવો. **નાના બાળકો** આ પ્રમાણે પાત્રો ભજવે

**શાદ્રાખ,મેશાખ** અને **એબેદનગો**

**રાજાના અધિકારીઓ** કાગળને ગોળ વાળી શિગંડા બનાવે

**સૈનિકો** ભાલાને બદલે લાકડી અને દોરડું પકડે,

હવે નાટક શરુ થાય છે

**ઉદ્‌ઘોષક** : દાનિયેલ ૩, ૧-૧૩ માંથી વાર્તાનો પ્રથમ ભાગ કહે પછી બોલે નબુખાદનેસ્સાર રાજા કહે છે તે સાંભળો.

**નબુખાદનેસ્સાર :** દરેક જણ જોઈ શકે તેવી જગ્યાએ મૂર્તિ મુકી કહે, મારૂ પ્રતિનિધિત્વ ધરાવતી મૂર્તિનુ તમારે બધાએ ભજન (પૂજા) કરવું તેવો હું આદેશ આપુ છુ. સંગીત સાંભળી મૂર્તિને નમન નહી કરનારને હું અગ્નિ ભઠ્ઠીમાં ફેંકી દઈશ.

**અધિકારી અને મુખ્ય અમલદાર :** રણશિગડું વગાડી ધોઘાટ કરે છે. પછી મૂર્તિને નમે છે.

**શાદ્રાખ** : મેશાખ,અને અબેદનગો મૂર્તિ આગળથી ચાલી ઊભા રહે છે.

**સૈનિકો** : રણશિંગડુ વાગે ત્યા સુધી નમો

**અધિકારીઓ** : રણશિગડુ વગાડવાનુ બંધ કરે છે રાજા પાસે જાય છે.

**મુખ્ય અમલદાર :** મહાન રાજા તમારા અધિકારીઓમાંથી આ ત્રણે મૂર્તિને નમવા ના પાડી

**રાજા** : (ગુસ્સામાં) સૈનિકો જાઓ, આ ત્રણે દેશદ્રોહી ઓને એકદમ મારી પાસે લાઓ.

**ઉદ્‌ઘોષક** : દાનિલેલ ૩ઃ૧૪-૨૩ માંથી વાર્તાનો બીજો ભાગ કહે પછી બોલે નબુખાદનેસ્સાર રાજા ત્રણ માણસોને શું પૂછે છે તે સાભળો .

**રાજા** : મારી મૂર્તિની પૂજા શા માટે ન કરી ?

**શાદ્રાખ** : (આંગળી ઊંચી કરી) અમે એક જ સત્ય ઈશ્વરનું ભજન કરીએ છીએ.

**મેશાખ** : સર્વશક્તિમાન ચાહે તો અમને છોડાવી શકે છે.

**એબદેનગો** : જો નહિ છોડાવે તોપણ હે રાજા અમે તમારા દેવોની ઉપાસના કરીશુ નહિ.

**રાજા** : (બૂમ પાડે ) "સૈનિકો! ભઠ્ઠીને સાતગણી ગરમ કરો. તેમને તેમાં નાંખી દો." સૈનિકો ત્રણેયને બાંધીને ભઠ્ઠી પાસે ખૂણામાં ધકેલે છે પીડાથી બૂમ પાડે છે, ભાલા ફેંકીને અગ્નિથી મૃત્યુ પામી નીચે પટકાય છે.

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો ત્રીજો ભાગ કલમ -૧૪-૩૦ માં થી કહે. અને પછી બોલે નબુખાદનેસ્સાર રાજાને સાંભળો.

**રાજા** : (ભઠ્ઠીમાં જુએ છે) આપણે તો ત્રણ માણસોને ભઠ્ઠીમાં નાંખ્યા હતા પણ હું ચારને જોઉં છું ચોથો માણસ ઈશ્વરપુત્ર જેવો લાગે છે. શાદ્રાખ, મેશાખ અને એબેદનગો બહાર નીકળો.

**મુખ્ય અમલદાર :** જુઓ તેમના બંધનો બળી ગયા છતાંય તેઓમાંથી બળવાની વાસ પણ આવતી નથી

**રાજા** : શાદ્રાખ, મેશાખ અને એબેદનગો હવે હું જોઈ શકું છું કે મારી મૂર્તિ કરતાંયે તમારો ઈશ્વર શકિતશાળી છે.

**ઉદ્‌ઘોષક** : મદદ કરનાર સર્વનો આભાર માનુ છું.

**પ્રશ્નો** બાળકોએ તૈયાર કરેલા ઉપરોક્ત પ્રશ્નો નાટક રજુ કર્યા બાદ સભાજનોને પૂછે



અગ્નિમાં ઉભેલા ચાર માણસોનુ **ચિત્ર દોરો** બાળકો તેની નકલ કરે. આગામી ભજન સેવા સમયે તેમના ચિત્રો સભાજનોને દેખાડે અને ઈશ્વર આપણને સતાવણીમાં કેવી રીતે મદદ કરે છે તે ઉદાહરણથી સમજાવે.

બીજા સમયોમાં ઈશ્વરના લોકોએ સતાવણીમાં સહન કરેલ દાખલા બાળકો કહે બીજા સમયોમાં ઈશ્વરે છોડાવ્યા તે વિષે પણ કહે.

યાદ રાખો નાના બાળકો યાકુબ ૧ઃ૨ ગોખે અને મોટા બાળકો યાકુબ ૧.૨-૪ **મુખપાઠ કરે.**

**કાવ્ય :** ચાર બાળકો ગી.શા ૧૩૮ઃ ૪-૭ દરેક એક કલમ યાદ રાખી બોલે

મોટા છોકરા કાવ્યો અથવા ગીતો અઠવાડિયાના બનાવો વિષે લખે.

**પ્રાર્થના :** પ્રિય પ્રભુ, અમે હમેશા ત્રણ ઈસ્ત્રાએલીઓ જેવા બહાદુર હોતા નથી સતાવણી વખતે તમારી ઉપર વિશ્વાસ રાખવા અમને મદદ કરો તમે અમને બચાવી શકો છો અને હંમેશા તમારે લીધે દુઃખ સહન કરવામાં તમે હંમેશા અમારી સાથે રહ્યા છો.

Copyright © 2004 by Paul Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net